# અધિસુચન

## ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬
## ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯,નિયમ ૨૬(૯)

## પ્રારંભિક નગર રચના યોજના .નં.૩૭ (વરીયાવ) સુરત.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો – ૧૯૭૯,નિયમ – ૨૬(૯) અનુસાર નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ – ૫૨ ની પેટા કલમ (૧) ની જોગવાઈઓ મુજબ મેં આજરોજ તા. ૮ / ૧૦ / ૨૦૦૮ ને બુધવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેના સદર પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો જાહેર કર્યા છે.

સદરહું નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ–૫૨ (૨) તેમજ કલમ – ૬૪ ની જોગવાઈઓ અનુસાર સદર પ્રારંભિક નગર રચના યોજના સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ –૫૨ (૨) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો – ૧૯૭૯ , નિયમ – ૨૬(૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટો માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા (ફોર્મ"જે") ની નકલ આ યોજના વિસ્તારમાં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોકત પ્રારંભિક યોજનાની તમામ માહિતી જાહેર રજાના દિવસો સિવાયના દિવસોએ કચેરી સમય દરમ્યાન નીચેના સરનામા વાળી અત્રેની કચેરીમાં જોવા મળી શકશે. આ યોજના સમજાવવાની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્થળ : – સુરત.
તા. ૮ / ૧૦ / ૨૦૦૮

નગર રચના અધિકારી
નગર રચના યોજના ,નં. ૩૭(વરીયાવ)
નગર રચના યોજના,એકમ–૬
સુરત.

કચેરીનું નામ અને સરનામુ :
નગર રચના અધિકારીની કચેરી
નગર રચના યોજના, એકમ – ૬.સુરત.
બીજા માળે , મ્યુનિસિપલ બીલ્ડીંગ ,
હરીપુરા,કાંસકીવાડ,ભાગળ,સુરત.